જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૪/૧૨/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૫૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૨૨૧ લીટર દેશી દારૂ, ૧૯૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૭૬ બિયર ટીન, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૫૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની આને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૯૫૮/૨૦૨૩

**વાડજઃ** હરીશભાઇ માંગીલાલ રાજપુરોહીત (રહે. રેવા આવાસ નિર્ણયનગર નવા વાડજ) એ તા.03/૧૨/૨૦૨૩ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૩ રાતના ૧૧/00 થી તા.૧૬/૧૧/૨૦૨૩ બપોરના ૩/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૪૨,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જી.બ્રહ્મભટ્ટ ચલાવે છે.

### દાઝી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૯૫૯/૨૦૨૩

**કૃષ્ણનગરઃ** વસંતીબહેન કનુભાઇ રાણા (ઉ.વ.૫૦) (રહે. ભરવાડ વાસ અમુલ ફ્લેટ સામે ઠક્કરનગર) તા.૨૯/૧૧/૨૦૨૩ સવારના ૮/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઇ બનાવતા હતા ત્યારે દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.03/૧૨/૨૦૨૩ બપોરના ૧/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બામણીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૬૦/૨૦૨૩**

**કૃષ્ણનગરઃ** મૃગેશભાઇ ગીરીશકુમાર પંડ્યા (ઉ.વ.૪૦) (રહે. ગાયત્રી સોસાયટી સૈજપુર બોઘા) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૨/૨૦૨૩ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર જગદીશપ્રસાદ ચલાવે છે.

**ઈસનપુરઃ** દેવકુમાર લક્ષ્મણભાઈ ભોઈ (ઉ.વ.૧૭) (રહે. શાકુંતલ એપાર્ટ્મેન્ટ રામવાડી ટેકરો ઘોડાસર ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૨/૨૦૨૩ સાંજના ૫/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી